પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૫૮ | ૮ મે, ૨૦૨૩, સોમવાર; વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાજ્યમાં તલાટીની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન

**લોખંડી બંદોબસ્ત વચ્ચે તલાટીની પરીક્ષાનું આયોજન કરાયું : રાજ્યમાં ૩૫૦૦ જેટલી જગ્યા અત્યારે ખાલી છે એમાં ૮ લાખથી વધુ લોકોએ પરીક્ષા આપી છે : બપોરે ૧૨.૩૦ વાગ્યે પરીક્ષા શરૂ થઈ ગઈ હતી**



અમદાવાદ, તા.૭

ગુજરાત રાજ્યમાં લગભગ પાંચ વર્ષની રાહ જોયા પછી તલાટી કમ મંત્રીની પરીક્ષાનું આયોજન કરાયું હતું. અત્યારે શાંતિપૂર્ણ માહોલ વચ્ચે આ પરીક્ષા પૂરી થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ૮ લાખથી વધારે ઉમેદવારોએ આ પરીક્ષા આપવાનું કન્ફર્મેશન આપ્યું હતું. રાજ્યમાં ૩૫૦૦ જેટલી જગ્યા અત્યારે ખાલી છે એમાં ૮ લાખથી વધુ લોકોએ પરીક્ષા આપી છે. બપોરે ૧૨.૩૦ વાગ્યે પરીક્ષા શરૂ થઈ ગઈ હતી અને દોઢ વાગ્યાની આસપાસ પૂરી થઈ હતી. અત્યારસુધી ૨૬૯૭ જેટલા કેન્દ્રો પર પરીક્ષા લેવાઈ હતી.

રાજ્યના વિવિધ કેન્દ્રો પર ૧૧ વાગ્યાથી જ પરીક્ષાર્થીઓ હાજર રહી ગયા હતા. અહીં લોખંડી બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો. સીસીટીવી કેમેરા અને વીડિયો ગ્રાફી સહિત પોલીસને બોડી વોર્ન કેમેરા પણ આપવામાં આવ્યા હતા. જેથી કરીને કોઈપણ પ્રકારની ચોરી ન થાય. તથા આની સાથે શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થાય એની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. એક કલાકની આ પરીક્ષા દરમિયાન ચાપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.


● અનુસંધાન પાન-૭ પર

## હસમુખ પટેલે કહ્યું હેમખેમ પૂરી થઈ છે તલાટીની પરીક્ષા

**પરીક્ષા કેન્દ્ર પર તંત્ર અને પોલીસે વ્યવસ્થા પૂરી પાડી : હસમુખ પટેલે તલાટીની પરીક્ષા પરિપૂર્ણ થયા બાદ એક પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર માહિતી પુરી પાડી હતી**

અમદાવાદ, તા.૭

ગુજરાતભરમાં તલાટીની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં નિર્વિઘ્ને સમાપ્ત થઈ ગઈ છે. વહીવટી તંત્રએ તલાટીની પરીક્ષાને લઈને તડામાર તૈયારીઓ કરી હતી. ત્યારબાદ તલાટીની પરીક્ષા પૂર્ણ થયા બાદ પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ હસમુખ પટેલે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, શાંતિ પૂર્ણ વાતાવરણમાં તલાટીની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે અને તેનું પરિણામ જૂન મહિનામાં આપી દેવામાં આવશે.



હસમુખ પટેલે તલાટીની પરીક્ષા પૂર્ણ થયા બાદ એક પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર માહિતી પુરી પાડી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં તલાટીની પરીક્ષા હોવાથી પરીક્ષા કેન્દ્ર પર તંત્ર અને પોલીસે વ્યવસ્થા પૂરી પાડી છે. સ્વૈચ્છીક સંસ્થાઓએ પણ તલાટીની પરીક્ષામાં સારી કામગીરી કરી છે. આપના ગુજરાતના લોકોએ સારો પ્રતિસાદ આપ્યો અને તલાટીની પરીક્ષાને એક પ્રસંગ બનાવી દિધો.

તેમણે જણાવ્યું હતું કે, તલાટીની પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીને તકલીફ ના પડે તેના માટે પોલીસએ પણ બસ અને અન્ય વ્યવસ્થા શરૂ કરી હતી, જેના કારણે બધા જ લોકોએ આનંદ વ્યક્ત કર્યો છે. મીડિયાએ પણ પ્રતિબધ્ધતા દર્શાવી છે. અમે એસટી વિભાગ અને રેલવેનો પણ આભાર માનીએ છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમુક જગ્યાએ ટ્રાફિકના પ્રશ્નો સામે આવ્યા હતા પણ પોલીસ પહોંચીને નિરાકરણ લાવ્યા.

## અમેરિકામાં હજુ બીજી બેન્કોનું પતન થઈ શકે

**વેલ્યૂએશન ગુરુ દામોદરનની ભવિષ્યવાણી : આ વખતે બેન્કો હાઈ ગ્રોથ માટે આંધળી બની છે અને નિયમો નેવે મુકી રહી છે**

વોશિંગ્ટન, તા.૭

અમેરિકામાં માત્ર બે મહિનાના ગાળામાં ત્રણ મોટી બેન્કોનું પતન થયું તેનાથી દુનિયા ચોંકી ગઈ છે. પરંતુ વેલ્યૂએશન ગુરુ અશ્વથ દામોદરન માને છે કે આ તો હજુ શરૂઆત છે.

અમેરિકામાં બીજી ઘણી બેન્કોનું આવી રીતે પતન થાય તેવી શક્યતા છે. યુએસના બેકિંગ ઉદ્યોગમાં કટોકટી બહુ મોટી છે અને સ્થિતિ દેખાય છે તેના કરતા વધારે ગંભીર છે.

ન્યૂયોર્ક યુનિવર્સિટીના પ્રોફેસર દામોદરને કહ્યું કે અમેરિકન બેકિંગ સિસ્ટમમાં હજુ બીજી બેન્કો પણ ધ્વસ્ત થઈ શકે છે. તેમાં પણ છે બેન્કો તાજેતરમાં કેટલાક વર્ષોમાં સૌથી વધારે ઝડપથી વધી છે તે બેન્કો પર વધારે જોખમ છે. તેઓ કહે છે કે ૨૦૦૮ કરતા સ્થિતિ અલગ છે. ૨૦૦૮માં તમે બેન્કોનું જોખમ લેવાનું વલણ સ્પષ્ટ જોઈ શકાતું હતું. તેના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## લખનૌ સુપર જાયન્ટ્સ સામે ગુજરાત ટાઈટન્સનો વિજય

**ગુજરાતનું પ્લેઓફમાં પહોંચવુ લગભગ નક્કી**



નવી દિલ્હી, તા.૭

આઈપીએલની ૫૧મી મેચમાં, નાના ભાઈ હાર્દિક પંડ્યાની ટીમ ગુજરાત ટાઈટન્સે મોટા કૃણાલ પંડ્યાની લખનઉ સુપર જાયન્ટ્સને હરાવી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ગુજરાતે લખનૌને ૨૨૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. પરંતુ, લખનૌની ટીમ આ હાંસલ કરી શકી ન હતી. આ સિઝનમાં લખનૌ સામે ગુજરાતની આ બીજી જીત છે. અગાઉ, લખનૌમાં રમાયેલી લો સ્કોરિંગ મેચમાં ગુજરાતે યજમાન ટીમને ૭ રને હરાવ્યું હતું. આ જીત સાથે ગુજરાતે પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરી લીધું છે. ગુજરાતના હવે ૮ જીત સાથે ૧૬ પોઈન્ટ છે અને પ્લેઓફમાં ટીમનું સ્થાન લગભગ નિશ્ચિત થઈ ગયું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૪૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

**ચક્રવાતી તોફાન ર્સ્ઠરક્ઠની અસર જોવા મળશે : તમિલનાડુ અને દક્ષિણ કર્ણાટકમાં છૂટાછવાયા ભારે વરસાદ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે**

નવી દિલ્હી, તા.૭

બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાતી તોફાન મોચાને લઈને હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટ અનુસાર, તેની અસર સોમવાર (૦૮ મે)થી જોવા મળશે. ૪૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. તમિલનાડુ અને દક્ષિણ કર્ણાટકમાં છૂટાછવાયા ભારે વરસાદ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. બીજી તરફ સિક્કિમ, આસામ, અરુણાચલ પ્રદેશ અને પશ્ચિમ હિમાલયમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. પશ્ચિમ હિમાલય, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશના ઉપરના વિસ્તારોમાં પણ હિમવર્ષા શક્ય છે. પંજાબ, હરિયાણા, તટીય આંધ્રપ્રદેશ, દક્ષિણ છત્તીસગઢ અને મધ્ય મહારાષ્ટ્રમાં એક કે બે મધ્યમ વરસાદ પડી શકે છે.

તે જ સમયે, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં અલગ-અલગ સ્થળોએ ધૂળની ડમરીઓ ઉડવાની શક્યતા છે. આ ઉપરાંત દક્ષિણ પશ્ચિમ મધ્ય પ્રદેશ, આંતરિક કર્ણાટક, તેલંગાણા અને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર હળવો વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગે કહ્યું કે દેશની રાજધાની દિલ્હીમાં આજે એટલે કે ૭ મેના રોજ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે, જેના કારણે ઝરમર વરસાદ પડી શકે છે. જો કે આગામી સપ્તાહથી ધીમે ધીમે વાદળો હટશે જેના કારણે તાપમાન પણ વધવા લાગશે.

રવિવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. બીજી તરફ ઉત્તર પ્રદેશની વાત કરીએ તો આજે રાજધાની લખનૌમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. જો કે, અહીં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર સમાપ્ત થતાં તાપમાનનો પારો ધીરે ધીરે વધવા લાગશે. ઓડિશાની સાથે પશ્ચિમ બંગાળના દરેક જિલ્લાને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં એસડીઆરએફ અને એનડીઆરએફને આપાત સ્થિતિઓ માટે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું છે. આ સાથે માછીમારો માટે એડવાઈઝરી જારી કરવામાં આવી છે.

હવામાન વિભાગે માછીમારોને સલાહ જારી કરતા કહ્યું કે ૮થી ૧૧ મે દરમિયાન સમુદ્રની અંદર જવું નહીં. જે લોકો સમુદ્રની અંદર છે તેને પરત ફરવાનું કહેવામાં આવ્યું છે.

## મણીપુરમાં ભારતીય સેના દ્વારા રેસ્ક્યુ ઓપરેશન

**સેનાએ ૨૩૦૦૦ નાગરિકોનું રેસ્ક્યુ કર્યું : મણિપુરમાં હિંસા વચ્ચે યુપીના લગભગ ૬૦ વિદ્યાર્થીઓ ફસાયા : મણિપુરમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ ચાલુ**

ઈમ્ફાલ, તા.૭

મણિપુરમાં ૩ મેથી શરૂ થયેલી હિંસા બાદ રવિવારે પણ અજંપાભરી સ્થિતિ છે. સુરક્ષા દળો દ્વારા કર્ફ્યુ અને ફ્લેગ માર્ચ સતત ચાલુ છે. દરમિયાન સરકાર દ્વારા એક નિવેદનમાં જણાવાયું છે કે, અત્યાર સુધીમાં તમામ સમુદાયોના લગભગ ૨૩,૦૦૦ નાગરિકોને બચાવીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને હિંસાગ્રસ્ત મણિપુરમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ ચાલુ છે. દરમિયાન, હવાઈ જાસૂસી માટે તૈનાત આર્મી ડ્રોન અને હેલિકોપ્ટરની જાગરૂક નજર હેઠળ જનજીવન સામાન્ય થવાનું શરૂ થયું છે. ઉલ્લેખનીય છે કે, બહુમતી મેઈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિ (જી) કેટેગરીમાં સમાવિષ્ટ કરવાના વિરોધ વચ્ચે કેટલાક જિલ્લાઓમાં આંતર-સમુદાયિક વચ્ચે અથડામણ બાદ મણિપુરમાં હિંસા ફાટી નીકળી. ઉલ્લેખનીય છે કે, હિંસાગ્રસ્ત મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં રવિવારે સવારે કર્ફ્યુમાં ત્રણ કલાક માટે રાહત આપવામાં આવી હતી. આ દરમિયાન લોકોએ દવા અને ખાદ્યપદાર્થો જેવી જરૂરી વસ્તુઓની ખરીદી કરી હતી.

મણિપુરમાં જાતિય હિંસાની આગ ઓલવવાના પ્રયાસો થઈ રહ્યા છે. રમખાણોમાં મૃતકોની સંખ્યા વધીને ૫૪ થઈ ગઈ છે. સેના, ઝઈંહ્ઘ, આસામ રાઈફલ્સ અને મણિપુર પોલીસના જવાનો રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરી રહ્યા છે. સરકારે હવે ત્યાંની સ્થિતિને સામાન્ય બનાવવાની દિશામાં કામ શરૂ કરી દીધું છે.

## કોંગ્રેસ બજરંગબલીને મંદિરમાંથી નિકાળી ચૂંટણીમાં મેદાનમાં લાવી : અમીત શાહ

**ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કર્યા : મહાદાયીનું પાણી કોંગ્રેસે કર્ણાટકને આપ્યું નથી : મોદીની સરકાર આવ્યા બાદ કર્ણાટકને પાણી મળવા લાગ્યું છે**

બેંગ્લોર, તા.૭

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીને હવે માત્ર ત્રણ દિવસ બાકી છે. આવી સ્થિતિમાં રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારમાં પૂરો જોર લગાવી દીધો છે. રવિવારે ચૂંટણી પ્રચાર દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા છે. અમિત શાહે કહ્યું કે ભાજપે પીએફઆઈ પર પ્રતિબંધ લગાવીને દેશની સુરક્ષા મજબૂત કરી છે પરંતુ કોંગ્રેસ પાર્ટી તેની વિરુદ્ધ છે. ભાજપ



ન તો મુસ્લિમ આરક્ષણ આપશે અને ન તો રાજ્યમાં લિંગાયત આરક્ષણમાં ઘટાડો થવા દેશે.

અમિત શાહે વધુમાં કહ્યું કે સમગ્ર કર્ણાટકમાં પીએમ મોદી માટે જનતાનું સમર્થન દેખાઈ રહ્યું છે. આના પરથી એ નિશ્ચિત છે કે ભાજપ બહુમતીની સરકાર બનાવી રહી છે. બજરંગબલી તેમના મંદિરમાં હતા પરંતુ કોંગ્રેસ બજરંગબલીને ચૂંટણી મેદાનમાં લાવી છે. તેમણે વધુમાં કહ્યું કે કોંગ્રેસ પીએફઆઈ પર પ્રતિબંધને પચાવી શકી નથી. કોંગ્રેસને ચૂંટણી પહેલા ખેડૂતો યાદ નથી આવતા. અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ ખેડૂતો માટે નહીં પરંતુ લઘુમતી માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા આપી રહી છે.

ગૃહમંત્રી અમિત શાહે વધુમાં કહ્યું કે અમે ધર્મના આધારે આરક્ષણ ખતમ કર્યું છે. લિંગાયત અને એસસી, એસટીને અનામત મળી. બીજી તરફ કોંગ્રેસનું કહેવું છે કે જો તે સત્તામાં આવશે તો મુસ્લિમ આરક્ષણ ૦૬% કરી દેશે.

## ટેક્સાસના મોલમાં અંધાધૂંધ ફાયરિંગમાં ૯ના મોત

**પોલીસે હુમલાખોરને ઢેર કરી દીધો છે : ટેક્સાસ મોલમાં ફાયરિંગ થતા હાજર સેંકડો દુકાનદારો પણ જીવ બચાવવા આમ તેમ ભાગવા લાગ્યા હતા**

ટેક્સાસ, તા.૭

અમેરિકામાં હિંસા ફરીથી ભડકી ઉઠી છે. અહીં ટેક્સાસના મોલમાં શનિવારે સાંજે શખસે અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ દરમિયાન ૯ લોકોના મોત નીપજ્યા હતા. પોલીસે ટ્વીટ કરી આ અંગે જાણકારી આપી હતી. તેમણે નિવેદન આપ્યું હતું કે અજાણ્યા શખસ દ્વારા અંધાધૂંધ ફાયરિંગ મોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. જ્યારે ૯ના મોત નીપજ્યા છે. અત્યારે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જોકે હવે સંકટ ટળી ગયું છે તેવું નિવેદન પણ આપ્યું હતું. ડલાસ વિસ્તારમાં સ્થિત મેડિકલ સિટી હેલ્થકેરના એક લેખિત નિવેદનમાં કહેવાયું હતું કે હોસ્પિટલમાં જે ઈજાગ્રસ્ત લોકોની સારવાર ચાલી રહી છે, તેમની ઉંમર ૫થી ૬૧ વર્ષની વચ્ચે છે. અધિકારીઓએ પીડિતો અંગે વિગતવાર નોંધ લીધી છે. સ્થાનિકોએ કહ્યું કે આ હુમલામાં પોલીસ અધિકારી, મોલ સુરક્ષા કર્મી અને બાળકોને પણ ઈજા પહોંચી છે.

મોલમાં અચાનક અંધાધૂંધ ફાયરિંગ શરૂ થઈ જતા હાજર સેંકડો દુકાનદાર ભાગી ગયા હતા. અહીં નાસભાગ મચી જવા પામી હતી. વીડિયોમાં જોવા મળ્યું કે અચાનક એક વ્યક્તિ ગાડીમાં બહાર આવ્યો અને લોકો પર અંધાધૂંધ ફાયરિંગ કરવા લાગ્યો હતો.

## પુલવામામાં મોટો આતંકી હુમલો ટળ્યો, આતંકવાદીની ધરપકડ

**૫-૬ કિલોૈંઈડ્ઢ પણ જપ્ત કરવામાં આવ્યો : ઈશ્ફાક અહેમદ વાની નામનો આતંકવાદી પુલવામાના અરીગમનો હોવાનું કહેવાય છે : પોલીસે તપાસ શરૂ કરી**

પુલવામા, તા.૭

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સંભવિત મોટો આતંકવાદી હુમલો ટળી ગયો છે. જમ્મુ કાશ્મીર પોલીસે અહીં ૫-૬ કિલો IED રિકવર કર્યું છે. પોલીસે તેની સાથે એક આતંકવાદીની પણ ધરપકડ કરી હતી. ઈશ્ફાક અહેમદ વાની નામનો આતંકવાદી પુલવામાના અરીગમનો હોવાનું કહેવાય છે. પોલીસે આ મામલે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે. કાશ્મીર ઝોન પોલીસે રવિવારે આ જાણકારી આપી.

પોલીસે જણાવ્યું કે આરોપી ઈશ્ફાક પાસેથી લગભગ ૫-૬ કિલો IED મળી આવ્યો છે. આરોપી કસ્ટડીમાં છે. છેલ્લા આતંકવાદી હુમલા બાદ મોટી માત્રામાં IED મળી આવ્યો છે. પહેલા પુંછમાં અને પછી રાજૌરી હુમલામાં ઘણા જવાનો શહીદ થયા હતા. આતંકવાદીઓએ પૂંછમાં લશ્કરી વાહનને નિશાન બનાવ્યું હતું.



આતંકીઓએ સેનાના વાહન પર ગ્રેનેડ ફેંક્યા હતા, જેના કારણે વાહનમાં આગ લાગી હતી. આ હુમલામાં પાંચ જવાન શહીદ થયા હતા. આ હુમલા બાદ સેનાએ માચિલમાં આતંકીઓને પકડવા માટે સર્ચ અને કોર્ડન ઓપરેશન શરૂ કર્યું હતું. સેનાના જવાનો રાજૌરીના કાંડી જંગલમાં આતંકવાદીઓની શોધમાં ગયા, જ્યાં આતંકવાદીઓએ તેમના પર હુમલો કર્યો. આ હુમલામાં પાંચ જવાનો પણ શહીદ થયા હતા.